# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨-B તા.૧૩-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- National Achievement Survey - 2024 ની પૂર્વ તૈયારી માટે જરૂરી આયોજન કરવા બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/સંશોધન/૨૦૨૪-૨૫/૧૯૬૨૬-૫૯, તા.૦૬-૦૯-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં Ministry of Education દ્વારા લર્નિંગ આઉટકમ આધારિત રાષ્ટ્રીય સિદ્ધિ સર્વેક્ષણ (National Achievement Survey-2024)નું આયોજન તારીખ ૧૯ નવેમ્બર-૨૦૨૪ ના રોજ ધો.૩,૬ અને ૯ માં સમગ્ર દેશમાં કરવામાં આવનાર છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના, માર્ગદર્શન અને વિગતો મુજબ National Achievement Survey - 2024 ની પૂર્વ તૈયારી માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૩-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2024-25/ 19626-59
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 06 -09 -2024

સચિવ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ National Achievement Survey- 2024 ની પુર્વ તૈયારી માટે જરૂરી આયોજન કરવા બાબત.
સંદર્ભઃ તા.5-9-24ની શાખાનોંધ પર માન.નિયામકશ્રીની મળેલ અનુમતિ અન્વયે.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઈઆરટી દ્વારા દર વર્ષે પસંદિત ધોરણના વિદ્યાર્થીઓની લર્નિંગ આઉટકમ આધારિત શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે GAS(Gujarat Achievement Survey) હાથ ધરવામાં આવે છે. તે જ રીતે રાષ્ટ્રીય કક્ષાએથી નિયત વર્ષે પસંદિત ધોરણોમાં NAS(National Achievement Survey) નું આયોજન કરવામાં આવે છે.

વર્ષ 2024-25 માં Ministry of Education – PARAKH દ્વારા લર્નિંગ આઉટકમ આધારિત રાષ્ટ્રીય સિદ્ધિ સર્વેક્ષણ- (National Achievement Survey) -2024 નું આયોજન **તા.19th November, 2024ના રોજ ધોરણ 3,6, અને 9 માં** સમગ્ર દેશમાં કરવામાં આવનાર છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓની પસંદિત શાળાઓ- (સરકારી/અનુદાનિત/સેલ્ફ ફાઈનાન્સ/અન્ય) નો સમાવેશ કરવામાં આવનાર છે.

આ સર્વેનો મૂળભૂત ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય (Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લાવાર, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તેમજ લર્નિંગ આઉટકમ વાર સિદ્ધિ જાણવા મળે છે. જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની શૈક્ષણિક યોજના તૈયાર કરવા માટે તેમજ તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપવા ઉપયોગી બને છે.

National Achievement Survey- 2024માં સમાવિષ્ટ ધોરણ,વિષયો તથા અન્ય વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સમાવિષ્ટ ધોરણ | સમાવિષ્ટ વિષય |
|---|---|---|
| 1 | 3 | ભાષા, ગણિત, પર્યાવરણ (The world Around Us / આપણી આસપાસની દુનિયા) |
| 2 | 6 | ભાષા, ગણિત, પર્યાવરણ (The world Around Us / આપણી આસપાસની દુનિયા) |
| 3 | 9 | ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન |

NAS-24 ના માળખા અનુસાર -

NAS-24 નાં ધોરણ 3 ના કસોટીપત્રોમાં માં ફાઉન્ડેશનલ સ્ટેજના માપન માટે ધોરણ 1 અને ધોરણ 2ના વિદ્યાર્થીઓની વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત તેમજ વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે. તે જ રીતે ધોરણ 6 માં પ્રિપેરેટરી સ્ટેજના માપન માટે ધોરણ 3 થી 5 વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે.

જ્યારે ધોરણ 9 માં મિડલ સ્ટેજનું માપન કરવા માટે ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને અને વ્યવહારિકતા ચકાસતા પ્રશ્નો પૂછવામાં આવશે.

Performance Grading Index માં NAS ના પરિણામને ધ્યાને લેવાતું હોઈ સદર સર્વેમાં રાજ્યના સર્વેમાં સમાવિષ્ટ તમામ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ દેખાવ કરી શકે અને રાજ્યના શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવી શકાય તે હેતુથી ધોરણ 3, 6 અને 9 નાં વિદ્યાર્થીઓને NAS ની પેટર્ન અનુસાર સામાન્ય રીતે પુછવામાં આવતા પ્રશ્નોનો મહત્તમ મહાવરો થાય એ જરૂરી છે.

આ પ્રકારના પ્રશ્નોની તૈયારી માટે જીસીઈઆરટી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રયાસ અનુસાર આ પત્ર સાથે મૂકવામાં આવેલ QR કોડ સ્કેન કરીને જુદાં જુદાં વિષયોની નમૂનારૂપ પ્રશ્નબેંક મેળવી શકાશે .

આ ઉપરાંત જીસીઈઆરટીના માસિક સામયિક - જીવન શિક્ષણના NAS , પ્રશ્ન વૈવિધ્ય વિશેષાંક, જેવા ચાર અંકો આ સાથે pdf સ્વરૂપે જોડવામાં આવેલ છે. આ ઉપરાંત "એક કદમ આગળ" કલમ - અંતર્ગત જીવનશિક્ષણમાં આપવામાં આવતા મહાવરા માટેના પ્રશ્નો – જે જીસીઈઆરટીની સાઈટ્સ પર પણ ઉપલબ્ધ છે. જેનો પણ ઉપયોગ કરશો. નવેમ્બર માસમાં યોજાનાર NAS માં વધુ સારું પરિણામ મેળવવા માટે જીસીઈઆરટીની સાઈટ્સ પર ટૂંક સમયમાં ઉપલબ્ધ થનાર HOTS આધારિત પ્રશ્નબેંકનો તેમજ શિક્ષક કે અન્ય સ્ટેકહોલ્ડર્સ પાસે ઉપલબ્ધ આ પ્રકારના પ્રશ્નોનો જિલ્લાની તમામ શાળાઓમાં સર્વે સબંધિત ધોરણોમાં શિક્ષણકાર્ય કરાવવામાં આવે અને વિદ્યાર્થીઓને મહાવરો કરાવવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરશો. મહાવરા સમયે જ્યારે વિદ્યાર્થી ખોટો જવાબ આપે ત્યારે તેનું કારણ જાણી તેની સંકલ્પના, માન્યતા કે ધારણામાં ગેરસમજ હોય તો તે જાણી નિદાન – ઉપચાર કરવાનો પ્રયાસ કરાવવો. વાચન – અર્થગ્રહણની ક્ષમતાનો વિકાસ થાય તે બાબત પર વધુ ભાર મુકવો

આ પ્રકારના પ્રશ્નોના મહાવરા સંદર્ભે તમામ શાળાઓમાં આયોજનબધ્ધ કામગીરી થાય તે મુજબ આપની કક્ષાએથી શાળા સુધીનું જરૂરી આયોજન અને માર્ગદર્શક રૂપરેખા તૈયાર કરી કાર્યવાહી હાથ ધરવા વિનંતિ છે.

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ : -ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની પ્રશ્નબેંક- માટે નીચેનો QR-Code scan કરશો.

-જીવનશિક્ષણ — અંક (1) October-13 (2) September-13 (3) July-17 (4) August-17

**નકલ રવાના : જાણ સારૂ.**

- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.